# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-04-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રી આવતીકાલે કચ્છમાં:

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે મંગળવારે કચ્છના એકદિવસીય પ્રવાસે આવી રહ્યા છે. મુખ્યમંત્રી મંગળવારે સવારે અબડાસાના જખૌ ખાતે સંત ઓધવરામજી મંદિરના દર્શન કરશે. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ૧૧.૩૦ વાગ્યે જખૌ ઓધવધામ ખાતે નૂતન મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

-----------------------------------------------------------------------------------------------

## ઉર્જામંત્રી-કનુભાઈ દેસાઈ:

રાજ્યના નાણામંત્રી અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ આવતીકાલે મંગળવારે કચ્છમાં ઊર્જા ક્રાંતિ અભિયાનને વધુ સઘન બનાવવા માટે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ નખત્રાણાના મંજલ ખાતે 10 મેગા વોટ સોલાર પાવર પ્રોજેક્ટ તેમજ ભચાઉ તાલુકાના લાકડિયા ખાતે 35 મેગા વોટ સોલાર વીજ પાવર પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત દેશલપર અને હબાય ખાતે 66 કેવીના સબ સબ સ્ટેશનનું લોકાર્પણ કરશે તેમજ મેવાસા ખાતે 400 કે.વી. સબ સ્ટેશનના ભૂમિપૂજન કાર્યક્રમમાં હાજરી આપશે. ગાંધીધામ શહેરમાં અન્ડર ગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરણની કામગીરીનું ખાતમુહૂર્ત કરશે. તથા બાલાસર પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરશે.

-----------------------------------------------------------------------------------------------

## નિરોણા ગ્રામ પંચાયતને એવોર્ડ:

ગામડાના વિકાસ સંગાથે રાજ્યનો વિકાસ એ થીમ સાથે ગુજરાત સરકારે મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના શરૂ કરી છે. જે અંતર્ગત વર્ષ 2024-25 માટે જિલ્લા કક્ષાએ પાવરપટ્ટીની નિરોણા જૂથ ગ્રામ પંચાયત દ્વિતીય સ્થાને રહી રૂપિયા ત્રણ લાખનો પુરસ્કાર મેળવ્યો છે. કચ્છ જિલ્લાની 618 ગ્રામ પંચાયતો પૈકી નિરોણા ગ્રામપંચાયતને દ્વિતીય ક્રમનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ 2022-23નો તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ ગ્રામ અસ્મિતા એવોર્ડ પણ નિરોણા ગ્રામ પંચાયતે મેળવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## હાજીપીરનો મેળો:

હાજીપીર-વલીના ત્રિદિવસીય મેળામાં અંતિમ દિવસે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું હતું. છેલ્લાં 800 વર્ષથી યોજાતા કોમી એકતાના આ મેળા અને હાજીપીરની દરગાહ માટે હિન્દુ અને મુસ્લિમ બન્ને સમાજના લોકોને અનેરી શ્રદ્ધા છે. આ વર્ષે હાજીપીરના દર્શન માટે કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનથી શ્રધ્ધાળુઓ પગપાળા તેમજ વાહન મારફતે આવ્યા હતા. લોકોના મનોરંજન માટે મેળામાં ચગડોળ સહિતની વિવિધ રાઇડસ, ઉપરાંત ખાણીપીણી, રમકડા, કટલેરી સહિત વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલ ઉભા કવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## સાંસદ સમરસ સમુહ લગ્નોત્સ:

કચ્છ લોકસભા ક્ષેત્ર અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ ભુજના સહયોગથી ભુજ તાલુકાના યક્ષ મંદિર ખાતે 25મેના પ્રથમ સાંસદ સમરસ સમૂહ લગ્નોત્સવ યોજાશે. લગ્નોત્સવના આયોજન માટે આજે કાર્યાલયનું ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, લોકસભા ક્ષેત્ર અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ ભુજના સહયોગથી 251 સમૂહલગ્નોત્સવ યોજવાનું આયોજન છે. સમૂહલગ્નનું આયોજન સામાજિક સમરસતાની એક પ્રશંસનીય પહેલ

છે. યક્ષ મંદિર, માધાપર ખાતે કાર્યાલયમાં લગ્નોત્સવ માટે નામ નોંધણી તથા ફોર્મ સ્વીકારવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા રાયડાના પાકની ખરીદી:

નખત્રાણા તાલુકામાં રાયડાના પાકની સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદવાનો આરંભ કરાયો હતો. યક્ષ કક્કડ ભીટ્ટ ખાતે કચ્છ કૃષિવન ફાર્મર પ્રોડસર કંપની લિમિટેડ દ્વારા શરૂ કરાયેલા ખરીદ કેન્દ્રમાં દૈનિક, ખેડૂત દીઠ 33 મણની મર્યાદા મુજબ 495 મણની ખરીદી કરવામાં આવી હતી. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કાંટા પૂજનથી ખરીદી શરૂ કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## આંબાના વૃક્ષ પર આંબોહવાની અસર:

કચ્છમાં આબોહવાની ફેરબદલીથી આંબાનાં વૃક્ષ પર આવેલા મોરની પ્રક્રિયામાં સફેદ ફુગનો રોગ જોવા મળતા પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે. પદ્ધર, કાળી તલાવડી, કોટડા ચકાર, મિયાણીપટ્ટી વિસ્તારમાં આંબાના અમુક વૃક્ષો પર સફેદ ફુગ જેવો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ભીષણ ગરમીનાં કારણે મોર બળી શકે તેથી પાકનાં ઉત્પાદનમાં નુકસાન થવાની ચિંતા ખેડૂતો દ્વારા વ્યક્ત કરાઇ છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં એપ્રિલ માસમાં ગરમીનો મહત્તમ પારો 44 ડિગ્રી સુધી પહોંચી જતા જનજીવનને સઅર પહોંચી છે. જિલ્લા મથક ભુજમાં આજે મહત્તમ તાપમાન 43.8 ડિગ્રી નોંધાયું હતું.. અંજાર-ગાંધીધામ વિસ્તારમાં પારો 45 ડિગ્રી નજીક પહોંચ્યો છે. સતત બીજા દિવસે ભીષણ ગરમીના

કારણે લોકો પરેશાન છે. બપોરના સમયે લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. હવામાન વિભાગે આગામી બે દિવસ તાપમાન 40થી 45 ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે.

-----------------------------------------------------------------------------------------------

## બન્નીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ:

ધોરડો સ્પોર્ટ કલબ દ્વારા નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ સિઝન-2માં બન્ની-પચ્છમ અને પાવરપટ્ટીની 65 ટીમોએ ભાગ લીધો હતો, જેની ફાઇનલમાં સુમરાસરની ટીમે મેદાન માર્યું હતું. શનિવારે રાત્રે ફાઇનલ મેચ ધોરડો ફાઇટર્સ અને એસાન ઇલેવન બાંધણી સુમરાસર વચ્ચે રમાઇ હતી, જેમાં સુમરાસરની ટીમે મેદાન માર્યું હતું.

-----------------------------------------------------------------------------------------------